# ચંદનનાં ઝાડ

(સત્યકથા)

–મુકુન્દરાય પારાશર્ય

પ્રભાશંકર પટ્ટણી (1862-1938)ના અવસાન પછી ત્રણ વરસે તેના અંગત સેક્રેટરીએ કરેલી આ વાત મારા શબ્દોમાં રજુ કરું છું :

1934ની શરુના શીયાળામાં એક દીવસ કોઠી સાથે કામ હોવાથી પ્રભાશંકર રાજકોટ ગયેલા. ભાવનગર તરફથી ગાડી ઉપડવાને પોણા કલાકની વાર હતી. તે વખતે પ્રભાશંકર તેમના બે સેક્રેટરીઓ સાથે રાજકોટ સીટી સ્ટેશને આવી ગયા. એ સ્ટેશનેથી સામાન્ય રીતે ઘણા ઓછા ઉતારુઓ ચડતા. એક સેક્રેટરી પૉર્ટફોલીયા સાથે બાંકડે બેઠા ને પ્રભાશંકર પ્લૅટફૉર્મના આ છેડેથી તે છેડે ફરવા નીકળ્યા. પ્લૅટફૉર્મને છેડેથી જરા આગળ તેમણે સાંધાવાળાનું ક્વાર્ટર જોયું.

બાજુમાં કાચી છાપરી નીચે એક ભેંસ ને ગાય બાંધેલાં જોઈ તે ત્યાં ગયા. એક આધેડ બાઈ સામે આવી, આવકાર આપતાં બોલી કે, ‘‘પધારો મા’તમાજી.’’ આમ કહી ખાટલો ઢાળી તે પર ગોદડું નાખી કહ્યું કે, ‘‘હ્યાં બેસો.’’ પ્રભાશંકરે બેસતાં કહ્યું કે, ‘‘દુઝાણું જોયું એટલે તમારે આંગણે બેસવા આવ્યો. ઘરમાંથી ક્યાં, ફરજ પર ગયા છે ?’’ સામે નીચે બેસતાં બાઈએ હા કહી ને પુછયું, ‘‘મહાતમા બાપુ, તમે કોણ, કાં રો’ છો ?’’ પ્રભાશંકરે કહ્યું, ‘‘હું મહાત્મા નથી, બ્રાહ્મણ છું; પણ પચાસ વરસથી એક રાજની નોકરી કરું છું. ભાવનગર રહું છું. ઢોર બહુ ગમે ને એ જેને ત્યાં હોય ત્યાં જોવું–બેસવું ગમે.’’ બાઈએ કહ્યું, ‘‘દેવ, મારે હ્યાં તો ભગવાને દીધાં બે જ ઢોર છે, ઝાઝાં નથી. તમારાં પગલાં થ્યાં, હવે ઝાઝાં થાય ઈમ માંગું. પણ બાપુ, તમે ભલે કો’ કે રાજનો નોકર છું; પણ હું માનું નૈં. તમે તો મે’ની ઘોણે દયા કરવા આવ્યા છો. નહીંતર આંઈ વગડામાં આટલે છેટે છાપરીએ કોણ આકુડું ડોકાય ? કોણ સાધુમા’તમા આવે ? આવ્યા છો તો હમણે જ ગા દોઈ છે, દુધ લેસો ? તાંસળી ભરી દઉં, સેડકઢું છે.’’ પ્રભાશંકરે કહ્યું કે, ‘‘બે’ન, દુધ તો નથી પીવું, છાશ દ્યો તો પીઉં.’’ ‘‘શીદ નો દૌં, ઈ પીયો,’’ કે’તી બાઈ ઊઠીને એક હાથમાં ભરી તાંસળી ને બીજા હાથમાં છાશની દોણી લઈ આવી. કીધું કે, ‘‘રોજ સવારે કરીએ છૈં.’’ પ્રભાશંકરે તાંસળી ભરી માખણ ઉતાર્યા વગરની છાશ પીધી. તેનાં વખાણ કર્યાં. બાઈએ કહ્યું, ‘‘ છાશમાં શું વખાણ ? સંધેય સરખી.’’ પ્રભાશંકરે કહ્યું, ‘‘માડી મને ફેર લાગે.’’

બાઈએ કહ્યું, ‘‘બાપુ, કાંક ઉપદેશ દ્યો.’’ પ્રભાશંકરે કહ્યું, ‘‘એ દેનારો હું નથી. મળેલા ઉપદેશ મુજબ જીવવા મે’નત કરું છું. તમે હ્યાં એકાંતમાં ઢોર રાખી સેવા કરો છો ને મને એવે ઠેકાણે બેસવું બહુ ગમે, બાળપણ તાજું થાય, એટલે તમારે ત્યાં રાજી થઈને આવ્યો.’’ બાઈએ કહ્યું, ‘‘અમે વસવાયાં કે’વાઈં. અમને અમારા જેવા હારે ગમે એટલે બે બાંધ્યાં છે.’’

પ્રભાશંકરે પુછયું, ''માડી, આપણાં જેવાં છે એમ તમને કેમ કરતાં લાગ્યું ?''

બાઈએ કહ્યું, ''ઈ કાંઈ નો સમજું. પણ એવું થ્યું કે આંઈ એની નોકરી થઈ ને જાતે દા'ડે છાસવારે ભારખાનાના ડબ્બામાં પુરેલી ગામાતા ને ભેંસું જોઈ. મેં એક દાણ એને પુછ્યું કે, આ ઢોરાં ભારખાનામાં કેં દેમણાં જાય છે ? તો કે, મુંબઈ. મેં પુછયું, હ્યાં સું કામ ? તો કે, હ્યાં મોટું કતલખાનું છે. દેસમાંથી કૈંક ઢોરાં હ્યાં જાય છે. સાંભળીને મને અરેરાટી થૈ : હાય જીવ, આ કળજગ !

ઘરેઘરે ગાય બંધાય ને સેવા થતી, છોરાં સેડકઢું દુધ પીતાં, ઈ માતાના આ હાલ ? આમ થોડા દી નો થ્યા ને મને કૈં ગોઠતું નૈં એટલે એને કીધું કે તમે હા કો' તો ગા મારે પીરથી લાવું ને તમે એક ગા કે ભેંસ લાવી દ્યો. સેવા કરીએ. જે ગાડીમાં આ સારું ઢોર ચડે ઈ ગાડીવાળાનું કામ કરી એનો દીધો રોટલો કયા ભવ સારુ ખાવો ? તો મને કયેં કે, નીણપુર તો તું કર; પણ ઈ લાવવાં ક્યાંથી ? મેં કીધું, તમ તમારે દી આખો તમારું કામ કરો. મારે બે છોડી, રાંધી ખવરાવું પછી સાવ નવરી. છાણ–લાકડાં વીણવા જૌં છું ઈને બદલે છાણ ઘરે થાશે એટલે દી આખો ચારીશ, ચોમાસા કેડે ખડ વાઢ્યાવીસ. તમ તમારે એક ગા કે ભેંસ લાવી દ્યો. ઈયે હું સરખા છે. ઈ ભેંસ લાવ્યા, બે ઢોર ઘેર બાંધ્યાં. છોડીયુંને લૈ સીમમાં ચારવા જાઉં, ઝાડને છાંયે બેસી, છોડીયુંને ચણીયા–કમખા ને કેડીયાં ભરતાં ને મૈં આભલાં ભરતાં શીખવ્યું. કરગઠીયાંય વીણીએ. છોડીયું જરા મોટી થૈ એટલે ઈયે ખડ વઢાવે. હવે તો ઈ સાસરે ગ્યું. આ ઢોર છે તો મારે સંગાથ છે. ઈ હતાં ઈ મરી ગ્યાં. ઈ ગાને પાંચ વાછડી. ભેંસને પાંચ પાડી થૈ. આ બે છે ઈ એનાં. વાછડી વોડકી થાય ને પાડી ખડાઈ થાય એટલે ભામણને કે એવા કોકને, જ્યાં છોરાં હોય હ્યાં દૈ આવું. આમ ને આમ દી પુરા થાય તો હાંઉ.'' પ્રભાશંકરે કહ્યું, ...આટલુંયે હું કરી શકતો હોઉં !'' બાઈએ કહ્યું, ''ઈમ કેમ કો' છ ? તમને જોયા ને લાગે છે કે તમે કૈંકનાં દખ ટાળતા હસો.''

પ્રભાશંકરે કહ્યું, ''તમે ઢોરની સેવાની વાત કરો છો એટલે કહું છું.'' બાઈએ કહ્યું, ''તમેય તમારી ઝુંપડીએ ઢોર બાંધ્યાં જ હશે.''

પ્રભાશંકરે કહ્યું, ''છે, પણ નીરણપુળો કોક વાર થાય. મારાં માવતર ને મોટેરાં તો ગાયુંની વચમાં સુઈ રે'તાં. બાળપણમાં હુંયે સુતો છું. પણ છેલ્લાં બત્રીસ વરસથી બંગલામાં રહું છું. હું દો'તોય ખરો, વહુ–દીકરાને આવડે; પણ હવે કરે કોક વાર. છું ભામણ તોય હવે તમારા જેવી સેવા અમારી નહીં. હું તો તમારાથી થયેલો રાજીપો બોલી બતાવું છું. છાશ પાઈને તમે ટાઢક કરી. માડી, બેસવાનું તો ગમે; પણ ગાડીનો વખત થયો છે એટલે રજા લઉં. મારા જેવું કામ હોય તો કહો. રાજી થઈને કરીશ.''

"આવું શીદ બોલો છો ? મારે સું કામ હોય ! હોયે તે કોક દણ; પણ ઈ કાંઈ તમને ચીંધાય ? મારે તો કાંઈ કામ નથી. સખે રોટલા ખાઈને રૈ છૈં. તમે પગલાં કર્યાં; પણ મેંથી કાંઈ થ્યું નૈં. દુવા દ્યો કે આ ઢોરને સાજાંનરવાં જાળવી શકું ને મનમાની સેવા કરું." બેઠા થતાં પ્રભાશંકરે કહ્યું, "માડી, જે ધણીએ આટલાં વરસ તમારી રખેવાળી કરી ને સહુ જીવજંતુનીય કરતો રહ્યો છે, એ બહુ દયાળુ છે. તમારા જેવાનું એ રક્ષણ કરશે જ. મને એ ભરોસો છે. ખોળો પાથરી પગે પડું," એમ કહેતાં પ્રભાશંકરે સામે નમી પ્રણામ કર્યાં ને ઢોર તરફ હાથ જોડી માથું નમાવી પાછા ફર્યા. પાછા ફરતાં ગાય–ભેંસને પંપાળતા આવ્યા.

પાટા ઓળંગી પ્લૅટફૉર્મ પર આવતાં પ્રભાશંકરના કહેવાથી સેક્રેટરી પાછા ફરી એ બાઈને દસ રુપીયા દેવા માંડ્યા તો બાઈએ કહ્યું કે, "ઈ નો લેવાય ભૈલા, પાપમાં પડીએ. અમે સખનો રોટલો ખાઈ છૈં." સેક્રેટરીએ કહ્યું કે બાપુ તો ભાવનગરના દીવાન હતા. બાઈએ કહ્યું કે, "ઈ ભલે રહ્યા. ભગવાન એને કરોડ વરસના કરે. હું નૈ લઉં." સેક્રેટરીએ કહ્યું, "ઉપરથી ભગવાન મેઘ વરસાવે એ આપણે સૌ ઝીલીએ છીએ. એમ આયે ભગવાનનો જ પ્રસાદ છે. બાપુએ કે'વાનું કીધું છે કે બીજાને દેવા માટે જ ભગવાન મને નાણું આપે છે." આમ કહી ખાટલે રુપીયા મુકી સેક્રેટરી પાછા આવ્યા.

ગાડી ઉપડ્યા પછી સેક્રેટરીએ બાઈની આનાકાનીની વાત કરી, ત્યારે પ્રભાશંકરે કહ્યું કે, "છેલ્લાં સીત્તેર વરસથી આ દેશનાં ભોળાંભલાં માણસોની મતી ફેરવવા ઘણા પ્રયત્નો થતા રહ્યા છે; પણ ઋષીમુનીઓએ હજારો વરસ પહેલાં સીંચેલા સંસ્કાર એટલા મુળ સ્વભાવમાં ઉતરી આવ્યા છે કે સૈકાઓથી આ પ્રજા પીડાતી આવી છે; છતાં હજી આવાં સાચાં માણસો રહ્યાં છે. પ્રભુએ આવાં માણસ જાળવીને બાવળની કાંટમાં ક્યાંક ક્યાંક 'ચંદનનાં ઝાડ' ઉગાડ્યાં છે."

–મુકુન્દરાય પારાશર્ય

'યાદગાર વાચન' શ્રેણીના પુસ્તક 'ચંદનનાં ઝાડ'માંથી સાભાર... સંપાદક : મહેન્દ્ર મેઘાણી, પ્રાપ્તીસ્થાન : લોકમીલાપ ટ્રસ્ટ, પો. બો. ૨૩, ભાવનગર–૩૬૪ ૦૦૧ : lokmilaptrust2000@yahoo.com

@@@

'સન્ડે ઈ-મહેફીલ' - વર્ષ: ત્રીજું - અંક: 109 – July 08, 2007

'ઉંઝાજોડણી'માં પુનરક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@@@@@